# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

રેફ નં. તા: ૨૧/૧૦/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઇન્ડસ્ટ્રીમાં સફળ કારકિર્દી બનાવો' વિશે સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૬ ઓકટોબર, ૨૦૨૧ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઇન્ડસ્ટ્રીમાં સફળ કારકિર્દી બનાવો' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે અભિષેક મોદી દ્વારા વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેશનલ્સને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બરની ટુર એન્ડ ટ્રાવેલ્સ કમિટીના ચેરમેન વિનેશ શાહે સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે, ગુજરાતમાંથી જેટલા લોકો દર વર્ષે જુદા–જુદા સ્થળે ફરવા માટે જતા હોય છે તેમાંથી ૩૦ ટકા લોકો સુરતના હોય છે. એમાં પણ વિદેશમાં ફરવા જતા ગુજરાતીઓમાં સૌથી વધારે સંખ્યા સુરતીઓની હોય છે. વર્લ્ડ ટ્રાવેલ એન્ડ ટુરીઝમ કાઉન્સીલ (WTTC)ના આંકડાઓ મુજબ, ભારતભરના કુલ રોજગારી સર્જનમાં ટુરીઝમ ઇન્ડસ્ટ્રી ૮.૧૦ ટકા તેમજ દેશના જીડીપીમાં ૭ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. આથી ટુરીઝમ ક્ષેત્રે હોટેલ, એરલાઇન્સ, ટ્રાવેલ એજન્ટ્સ, ટુર ઓપરેટર્સ તરીકે કારકિર્દી બનાવવાની ઉજ્જવળ તકો રહેલી છે.

વકતા અભિષેક મોદીએ જણાવ્યું હતું કે, ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ઇન્ડસ્ટ્રીમાં ખૂબ જ જવાબદારીપૂર્વક કામગીરી કરવાની હોય છે. દેશમાં તેમજ વિદેશમાં ફરવા જવા માગતા પ્રવાસીઓને સાચી અને સચોટ માહિતી પૂરી

પાડવાની હોય છે. જુદા–જુદા પ્રદેશોના ભૌગોલિક જ્ઞાન તથા ત્યાંના વાતાવરણનું પણ ધ્યાન રાખવાનું હોય છે. તેમણે જણાવ્યું હતું કે, આ ઇન્ડસ્ટ્રીમાં કારકિર્દી બનાવવા માટે ઉજ્જવળ તકો રહેલી છે. વિદ્યાર્થીઓ તેમજ સાહસિકો ટ્રાવેલ કન્સલ્ટન્ટ તરીકે કારકિર્દી બનાવી શકે છે. એના માટે પ્રવાસીઓની જરૂરિયાત મુજબ તેઓને ફરવા માટે કયાં મોકલી શકાય છે તે બાબતનું ખાસ ધ્યાન રાખવાનું હોય છે. પ્રવાસીઓ ઓછા સમયમાં પૈસાનું મહત્તમ વળતર મેળવી શકે અને ફરવાનો આનંદ માણી શકે તેવી વ્યવસ્થા કરવાની હોય છે.

વધુમાં તેમણે ચેમ્બર દ્વારા શરૂ કરવામાં આવનારા ટુરીઝમ માટેના ટ્રેનીગ કોર્સની પણ માહિતી આપી હતી. જેમાં વિદ્યાર્થીઓને સમય, સ્થળ અને સંજોગો પ્રમાણે ટ્રાવેલની ડિઝાઇન તૈયાર કરવાનું, કાઉન્સેલીગ કરવાનું અને જાતે જ આખી બુકીગ પ્રોસિજર પૂર્ણ કરી શકે તે માટેનું જ્ઞાન બેઝીક કોર્સમાં આપવામાં આવશે.